લોકમિત્ર
અમદાવાદ
તા-11/02/2010.

ઉદ્ઘાટન તા.૧૧મી ફેબ્રુઆરી, ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે, સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા ખાતે રાખેલ છે. આ ટુર્નામેન્ટના ઉદ્ઘાટક તરીકે અમિતભાઈ શાહ (ઉપાધ્યક્ષ, જીસીએ), પરિમલભાઈ નથવાણી (ઉપાધ્યક્ષ, જીસીએ), નરહરિભાઈ અમીન (પૂર્વ પ્રમુખ, જીસીએ) અને એન.કે. પટેલ (સન બિલ્ડર્સ) ઉપસ્થિત રહેશે.

# કીડનીના રોગો માટે કુદરતી ઉપચાર દ્વારા શરીરના સ્વાસ્થ્યમાં સફળતાનો દાવો

અમદાવાદ,

બિન કાર્યક્ષમ કિડનીનો કુદરતી ઉપચાર દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે શ્વાસ હેલ્થકેરને સફળતા મળી હોવાનો દાવો કરતા મેડીકલ ડીરેકટર ડો. જય સંઘવીએ જણાવ્યું હતું કે કુદરતે સર્જન કરેલા શરીરને અસ્વસ્થ બને ત્યારે તેનેકુદરતી રીતે સ્વસ્થ બનાવવાનો પ્રયાસ આવશ્યક બની રહે છે. આ અંગે સામાન્ય પ્રકૃતિને અનુરૂપ ટ્રીટમેન્ટ તેમના સેન્ટરો દ્વારા આપવામાં આવે છે, તેમજ કીડની માટે ખાસ પધ્ધતિ વિકસાવવામાં આવી છે. બે દર્દીઓને આપવામાં આવેલી સારવારના સાનુકૂળ પરિણામોની વિગત આપી હતી તેમજ બે દર્દીએ દ્વારા આ સારવારનો આવકાર પ્રતિભાવ આપવામાં આવ્યો હતો.

વધુમાંતેમણે જણાવ્યું હતું કે કીડની ફેફલ્યોરના દર્દમાં એલોપેથી કરતા કુદરતી ઉપચારની પધ્ધતિ સારી રહે છે. આ પધ્ધતિ ગંભીર રોગોથી પીડાતા રોકો માટે યોગ, આયુર્વેદ, ઉપકારક માલુમ પડેલ છે. કીડનીના દર્દીઓ માટે શ્વાસ હેલ્થકેર દ્વારા ખોરાકથી લઈ દર્દીની દિનચર્યા માટેના પત્રકોનું અનુસરણ કરવામાં આવે છે, તેનેકારણે કીડની અને સંલગ્ન રોગો ધરાવતા

## શરીરને કુદરતી રીતે સ્વસ્થતાનો મોકો આપોઃડો. સંઘવી

અનેકને ફાયદો થવાનું જણાવેલ છે, તાજેતરમાં કીડનીની વર્ષોથી ગંભીર બિમારીમાં પડેલા બે દર્દીકો કુદરતી ઢબે સાજા કરવામાં સફળતા મળી છે. વધુમાં ડો. જય સંઘવીએ જણાવ્યું હતું કે હાઈડ્રો ફેનિસિસ જેવી ગંભીર સ્થિતિમાંથી ૨૩ વર્ષના વ્યવસાયીકના ઉપચાર માટે ખાસ પૃથ્થકરણ કરાયુ હતું. પેશાબમાં અંતરાય થવાથી કોઈ વ્યકિતની એક અથવા બે કીડનીને ગંભીર નુકશાન થાય છે, ત્યારે આ રોગ થાય છે, આવા કેસમાં સારવાર બાદ તે કીડની કાર્યક્ષમ બનવા માંડી હતી, ક્રમશઃ સાજી થવા માંડી છે તેમણે જણાવ્યું હતું કે બે પ્રકારના કીડનીઓના રોગો ઓટોમ્યુન ડીસ ઓર્ડર, ટોકસીન્સ, મેડીકેશન્સ અને રસાયણોની આડઅસરોને કારણે એકયુર અને કેરોનીક બંને પ્રકારના રોગો થાય છે. આમ આ સારવાર માટે પેકેજ રજુ કરવામાં આવ્યા છે જો દર્દી કીડનીના દર્દની સારવાર પ્રારંભથી શરૂ કરે તો ઝડપથી સ્વસ્થ બની શકે છે. ગુજરાતમાં વ્યાજબી કિંમતની કુદરતી ઉપચાર પધ્ધતિઓ પૂરી પાડવા માટે કેન્દ્રો ખોલવા કંપનીના આવિષ્કાર ફંડનો ઉપયોગ થાય છે શ્વાસ હેલ્થ કેરનું મુખ્ય કેન્દ્ર કચ્છમાં ખેરાઈ ખાતે આવેલ છે જયારે રાજકોટ-અમદાવાદમાં તેના ઓપીડી સેન્ટર શરૂ કરાયા છે.

...et, Opp. Kalupur Railway Station, Kalupur, Ahmedabad and Published from 208, Nandan Complex, Opp. Mitha...